# બિહારમાં લાખો બાળકો ભોજન વિના ઘરે પરત

## ૩ લાખથી વધુ શિક્ષકોએ મધ્યાહન ભોજન યોજનાનો બહિષ્કાર કર્યો

નવી દિલ્હી,તા. ૨૫


બિહારમાં મધ્યાહન ભોજન યોજના દરમિયાન ખોરાકી ઝેરના બનાવ બાદ લાખો ગરીબ બાળકો મધ્યાહન ભોજન વગર ઘરે પરત ફર્યા હતા. આજના દિવસે સ્કૂલના લાખો બાળકોને મધ્યાહન ભોજન આપવામાં આવ્યુ ન હતુ. ૩૦૦૦૦૦ જેટલા સ્કૂલી શિક્ષકો આ સ્કીમનો બહિષ્કાર કરવા ખુલ્લા મેદાનમાં આવી ગયા છે. મધ્યાહન ભોજન યોજનામાં ભાગ લેવા રાજ્ય સરકારની અપીલની અવગણના કરીને મોટી સંખ્યામાં શિક્ષકોએ તેમનો બહિષ્કાર કરી દીધો હતો. ૧૦ દિવસ પહેલા જ બિહારના સારન જિલ્લામાં મધ્યાહન ભોજન યોજના દરમિયાન ખોરાકી ઝેરથી ૨૩ બાળકોના મોત થઇ ગયા હતા. બિહાર રાજ્ય પ્રાથમિક સ્કૂલ એસોશિએશનના પ્રમુખ બારજનંદન શર્માનું કહેવું છે કે શિક્ષકો આ સ્કીમનો બહિષ્કાર કરી રહ્યા છે. તેમણે ઉમેર્યુ હતુ કે મધ્યાહન ભોજનની તૈયારી અને વિતરણથી શિક્ષકો દૂર રહ્યા છે જેથી લાખોની સંખ્યામાં સ્કૂલી બાળકોને મધ્યાહન ભોજનની સુવિધા આજે મળી શકી ન હતી. બીજી બાજુ બિહાર મધ્યાહન ભોજનના ડિરેક્ટર આર લક્ષ્મણન દ્વારા કબૂલાત કરવામાં આવી છે કે શિક્ષકોના બહિષ્કારના પરિણામ સ્વરૂપે લાખો બાળકો ભોજન વગર ઘરે પરત ગયા હતા. મધ્યાહન ભોજન સ્કીમને ચલાવવામાં સહકાર આપવા અમે શિક્ષકોને અપીલ કરી રહ્યા છીએ. બિહારના કેટલાક પ્રધાનો આરોગ્ય સ્કીમો પર નજર રાખી રહ્યા છે. આ સ્કીમને એનજીઓ અથવા તો અન્ય કોઈ સંસ્થાને સોંપી દેવાની માંગણી દિનપ્રતિદિન ગંભીર બની રહી છે. રાજ્યમાં ૭૨૦૦૦ જેટલી સ્કૂલોમાં એક સાથે મધ્યાહન ભોજન યોજનાને ચલાવવાની બાબત સરળ દેખાઈ નથી. ૧.૬૦ કરોડ બાળકોને મધ્યાહન ભોજન આપવાની જવાબદારી ખૂબજ પડકારરૂપ છે. બિહારમાં મધ્યાહન ભોજન યોજનાને લઈને હાલમાં ભારે હોબાળો મચેલો છે.



## સંઘના લોકો બોમ્બ બનાવવાની ટ્રેનિંગ આપે છે : દિગ્વિજય

નવી દિલ્હી,તા. ૨૫

કોંગ્રેસના મહાસચિવ દિગ્વિજયસિંહે રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ પર આજે આકરા પ્રહારો કર્યા હતા અને કહ્યુ હતુ કે આરએસએસના લોકો બોમ્બ બનાવવા માટેની તાલીમ આપી રહ્યા છે. માલવાના બે દિવસના પ્રવાસે પહોંચેલા કોંગ્રેસના મહાસચિવે કહ્યુ હતુ કે વર્ષ ૧૯૯૨માં આરએસએસના સેવા ભારતીના નિમચ સ્થિત ઓફિસમાં બોમ્બ બનાવવામાં આવી રહ્યા હતા ત્યારે જ બ્લાસ્ટ થયો હતો જેમાં એક વ્યક્તિનું મોત થયુ હતુ. તેમણે કહ્યુ હતુકે એ વખતે પ્રદેશમા ભાજપની સરકાર હતી જેના કારણે આ મામલો દબાવી દેવામાં આવ્યો હતો. તેમણે ઉમેર્યુ હતુ કે વર્ષ ૧૯૯૩માં જ્યારે કોંગ્રેસ સત્તા પર આવી ત્યારે આ બોમ્બ કાંડને લઈને ફરી ચકાસણી હાથ ધરાઈ હતી અને આરએસએસના કાલુસિંહ



પથરોડ નામના પ્રચારકની ધરપકડ કરવામાં આવી હતી. તે સરસ્વતી શિશુ મંદિર ખરગોનમાં કામ કરી રહ્યો હતો. સિંહના જણાવ્યા મુજબ આરએસએસની એવી દલીલ છે કે સરસ્વતી શિશુ મંદિરમાં બળકોને સંસ્કાર આપવામાં આવે છે પરંતુ જ્યારે આ પ્રકારના શિક્ષકો રહેશે ત્યારે બાળકો હિંસક રસ્તા પર જશે. ભાજપ દ્વારા આવા સંગઠનોને સમર્થન આપવામાં આવી રહ્યુ છે. કટ્ટરપંથી સંગઠનોને ભાજપ દ્વારા મદદ કરવામાં આવી રહી છે તેવો આક્ષેપ કરતા સિંહે કહ્યુ હતુ કે ભાજપની સાથે સાથે અકાલીદલ અને શિવસેના જેવા સંગઠનો છે જે મૂળરીતે ધાર્મિક હિંસા ફેલાવીને અન્ય ધર્મોને નુકશાન પહોંચાડી રહ્યા છે. સિંહે ભાજપને રાજ કરનાર નહીં બલકે વેપાર કરનાર પાર્ટી તરીકે ગણાવીને કહ્યુ હતુ કે આ પાર્ટીને લોકો વહેલીતકે ઓળખીકાઢે તે અતિ જરૂરી છે. આનાથી દેશના હિતોને નુકસાન થશે.

**વડાપ્રધાન મનમોહનસિંહનો મત**

## શ્રીલંકાના સંદર્ભે ભારતના વલણમાં ફેરફાર નહીં થાય

ચેન્નાઈ,તા. ૨૫

વડાપ્રધાન મનમોહનસિંહે આજે કહ્યુ હતુકે શ્રીલંકામાં રાજકીય સમાધાન અને હસ્તાંતરણની પ્રક્રિયાને લઈને ભારતની નીતિમાં કોઈ ફેરફાર કરવામાં આવશે નહીં. વડાપ્રધાને આ બાબત તમિળનાડુના મુખ્યમંત્રી જયલલિતા દ્વારા લખવામાં આવેલા પત્રના જવાબમાં કહી હતી. જયલલિતાએ ૧૬મી જુલાઈના દિવસે લખવામાં આવેલા પત્રમાં વડાપ્રધાનને કહ્યુ હતુ કે શ્રીલંકામાં રાજકીય સમાધાન અને હસ્તાંતરણના પ્રશ્ને ભારતના વલણમાં કોઈ ફેરફાર થયો નથી. તેમણે



એમ પણ કહ્યુ હતુકે શ્રીલંકાના મામલામાં ભારતનું વલણ પહેલા જેવું જ રહેશે. શ્રીલકાના મામલામાં ભારત દરમિયાનગીરી કરશે નહીં. શ્રીલંકાના બંધારણમાં હાલમાં સુધારા કરવામાં આવ્યા હતા. તેમણે એમ પણ કહ્યુ હતુ કે શ્રીલંકા તમિળ હિતોનું રક્ષણ કરે તેમ સરકાર ઈચ્છે છે. જયલલિતાએ અગાઉ કેન્દ્ર સરકારને શ્રીલંકામાં લોકશાહી વિકેન્દ્રિકરણની પ્રક્રિયાની ખાતરી કરવા માટે અપીલ કરી હતી જેથી તમિળ લોકોના હિતોને નુકસાન ન થાય.

## ઝિમ્બાબ્વે પર સતત બીજી જીત મેળવવા ભારત તૈયાર

હરારે,તા. ૨૫

હરારેના સ્પોર્ટસ ક્લબ ખાતે આવતીકાલે ભારત અને ઝિમ્બાબ્વે વચ્ચે પાંચ વન ડે મેચોની શ્રેણીની બીજી વનડે મેચ રમાનાર છે. આને લઈને વિરાટ કોહલીના નેતૃત્વમાં ભારતીય ટીમ સજ્જ દેખાઈ રહી છે. ભારતીય ટીમ તેના જીતના સિલસિલાને જાળવી રાખવાના હેતુથી મેદાનમાં ઉતરશે. પ્રથમ મેચમાં સરળતાથી જીત મેળવી લીધા બાદ કોહલીની યુવા ટીમના તમામ કેલાડીઓનો નૈતિક જુસ્સો વધી ગયો છે. બીજી બાજુ યજમાન ટીમ તેના ઘરઆંગણે દેખાવમાં સુધારો કરીને ભારતીય ટીમને મુશ્કેલીમાં મુકવા નવી વ્યુહરચના પર કામ કરી રહી છે. ટીમ ઈન્ડિયા આવતીકાલની મેચમાં પણ હોટ ફેવરીટ તરીકે જ મેદાનમાં ઉતરશે. પ્રથમ મેચમાં બોલિંગ અને બેટિંગ બન્નેમાં ટીમ ઈન્ડિયાએ સારો દેખાવ કર્યો હતો. હવે આવતીકાલની મેચમાં પણ ચાહકોની સ્ટાર ખેલાડીઓની નજર રહેશે. ટીમ ઈન્ડિયા તરફથી પ્રથમ મેચમાં સુરેશ રૈના શુન્યમાં આઉટ થયા બાદ તે તેની તાકાત દર્શાવે તેવી વકી છે. બીજી બાજુ શિખર ધવન પણ ફ્લોપ રહ્યો હતો જેથી ઓપનિંગમાં તે પણ મોટી ઈનિંગ્સ રમે તેવી શક્યતા છે. રાયડુને મળેલી તકનો તે લાભ લઈ રહ્યો છે. પ્રથમ મેચમાં જ રાયડુએ શાનદાર અણનમ અડધી સદી કરી હતી. બોલરો પાસેથી પણ ખુબ સારા દેખાવની આશા રાખવામાં આવી રહી છે. પ્રથમ વન ડે મેચમાં સ્પીનર અમિત મિશ્રા છવાયેલો રહ્યો હતો. ભારતીય ટીમ લાંબા સમય બાદ ઝિમ્બાબ્વેમાં રમવા માટે પહોંચી છે. જેથી તે પ્રવાસને યાદગાર બનાવવા માંગે છે.

## સ્પેનમાં ટ્રેન દુર્ઘટનામાં ૮૦થી વધુના મોત

સેન્ટિયાગો,તા. ૨૫

સ્પેનમાં એક ભીષણ ટ્રેન દુર્ઘટનમાં ઓછામાં ઓછા ૮૦ લોકોના મોત થયા છે અને અન્ય ૧૦૦થી વધુ લોકો ઘાયલ થયા છે જે પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. અધિકારીઓએ માહિતી આપતા કહ્યું છે કેલ આ ટ્રેન દુર્ઘટના સેન્ટિયાગો દે કોમ્પોસતેલા શહેર નજી બની હતી. આ ટ્રેન પાટનગર મૈડ્રીડ અને ફેરા શહેરની વચ્ચે દોડે ચે. આ ટ્રેન દુર્ઘટનાને સ્પેનના ઈતિહાસની હજુ સુધીની સૌથી મોટી દુર્ઘટના તરીકે ગણવામાં આવે છે.

ક્ષેત્રીય સરકારી ઓફિસના પ્રવકતા દ્વારા માહિતી આપતા જણાવવામા આવ્યું છે કે આ બનાવ વર્ષ ૨૦૦૪માં ઈસ્લામિક ત્રાસવાદીઓ દ્વારા કરવામાં વેલા મૈડ્રીડ ટ્રેન બોમ્બ બ્લાસ્ટની યાદ તાજી કરે છે. જેમાં ૧૯૧ લોકોના મોત થયા હતા. તેમણે કહ્યું હતું કે આ કોઈ ત્રાસવાદી હુમલો નથી એક ટ્રેન દુર્ઘટના છે પરંતુ મોતના આંકડા અંગે હાલમાં કોઈ માહિતી આપી શકાય નહી. તેમણે કહ્યું હતું કે જે શહેરમાં આ બનાવ બન્યો તે સ્પેનિશ વડાપ્રધાન મારિયાનો રાજોયના જન્મસ્થળ તરીકે છે.



કેટલાક સાક્ષીઓએ કહ્યું છે કે તેઓએ એક પ્રચંડ આવાજ સાંભળ્યો હતો. ત્યારબાદ અનેક ડબ્બા પાટા પરથી ખડી પડ્યા હતા. કેટલાક ડબ્બા તો પાટા પર મીટર સુધી ઘસડાયા હતા. મિડિયા અહેવાલમાં જણાવાયું છે કે આ ટ્રેનમાં આશરે ૨૫૦ લોકો મુસાફરી કરી રહ્યા હતા. કેટલાક લોકો હજુ ફસાયેલા છે તેવી માહિતી પણ મળી છે. આ બનાવ આજે જાહેર રજાના પૂર્વ સંધ્યાએ બન્યો હતો અને મોટી સંખ્યામાં લોકો ગરમીની આ સિઝનમાં રાહત મેળવવા માટે દરિયા કાઠાના વિસ્તરો તરફ જઈ રહ્યા હતા. આશરે ૫૦ ઘાયલ થયેલા લોકોને સારવાર આપવામાં આવી રહી છે. જયારે મોટી સંખ્યામાં લોકોના મોત થઈ ગયા ચે. વડાપ્રધાન પણ માહિતી મળતા ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. સ્થાનિક અહેવાલમાં જણાવાયું છે કે સ્પેનમાં છેલ્લા ચાર દશકની આ સૌથી મોટી ટ્રેન દુર્ઘટના છે. આ ટ્રેન દુર્ઘટનાના બનાવમાં તમામ ૧૩ ડબ્બા પાટા પરથી ખડી પડ્યા હતા. સ્થાનિક અધિકારીએ મોતના મોટા આંકડાને સમર્થન આપ્યું છે પરંતુ કારણ અંગે પુછવામાં આવતા તેમણે કહ્યું હતું કે આમાં તપાસ ચાલી રહી છે. હાલમાં વાત કરવી યોગ્ય રહેશે નહી.

## શત્રુઘ્નસિંહા નીતિશને મળતા રાજકીય ગરમી

નવી દિલ્હી-પટણા,તા. ૨૫

બોલિવુડના અભિનેતા અને પટણા સાહિબના સાંસદ શત્રુઘ્નસિંહાએ ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સામે બળવાનું રણશિંગુ ફુંક્યાના એક દિવસ બાદ આજે બિહારના મુખ્યમંત્રી નીતિશકુમારને મળીને રાજકીય ગરમી વધારી દીધી હતી. શત્રુઘ્નસિંહા નીતિશકુમારના આવાસ પર જઈને તેમની સાથે વાતચીત કરી હતી. અલબત્ત આ મુલાકાતના સંબંધમાં નીતિશકુમારે કહ્યુ છે કે આનો કોઈ રાજકીય અર્થ કાઢવો જોઈએ નહીં. નીતિશે કહ્યુ હતુકે શત્રુઘ્નસિંહા તેમના ખુબ સારા મિત્ર છે અને તેમની તબિયત અંગે પુછવાના હેતુસર આવ્યા હતા. અત્રે નોંધનીય છે કે શત્રુઘ્નસિંહાએ મંગળવારે એમ કહીને ભારે ચર્ચા જગાવી હતી કે પીએમ પદ માટે પક્ષના ઉમેદવાર તરીકે નરેન્દ્ર મોદી કરતા લાલ કૃષ્ણ અડવાણી તેમને વધારે પસંદ છે. સાથે સાથે તેમણે એમ પણ કહ્યુ હતુકે લાલકૃષ્ણ અડવાણી, જશવંતસિંહ, યશવંતસિંહા, મુરલી મનોહર જોષી, સુષ્મા સ્વરાજ, અરૂણ જેટલી જેવા વરિષ્ઠ નેતાઓની પક્ષમાં અવગણના કરવામાં આવી રહી છે. આ તમામ નેતાઓને પક્ષમાં એ સ્થાન મળી રહ્યુ નથી જેના માટે તેઓ હક્કદાર છે. મોદીના નામની ભારે ચર્ચા વચ્ચે તેમણે ચેતવણી આપી હતી કે સિદ્ધિ મેળવતા પહેલા જ નિષ્ફળતા મળે તેવી સ્થિતિ સર્જાઈ શકે છે. બિહારના મુખ્યમંત્રી નીતિશકુમાર દ્વારા ભાજપ સાથે છેડો ફાડી લેવાના મામલે તેમણે કહ્યુ હતુ કે નીતિશે સમજીને નિર્ણય કર્યો હશે.

## અનિલ અંબાણીને અંગત હાજરીમાંથી અંતે મુક્તિ

નવી દિલ્હી,તા. ૨૫

રિલાયન્સ એડીએ ગ્રુપના ચેરમેન અનિલ અંબાણીને ટુજી સ્પેક્ટ્રમ ફાળવણી કેસમાં પ્રોસિક્યુશન સાક્ષી તરીકે આવતીકાલે તેની સમક્ષ અંગત હાજરીમાંથી દિલ્હી કોર્ટે મુક્તિ આપી હતી. સ્પેશિયલ સીબીઆઈ જજ ઓપી સૈનીએ અંબાણીની અરજીને મંજુર કરી હતી. અંબાણી સામે આવતીકાલે કોર્ટમાં ઉપસ્થિત થવા સમન્સ જારી કરાયુ હતુ. તેઓ પહેલાથી જ બિઝનેસ મિટિંગોમાં વ્યસ્ત છે જ આ આધાર પર તેમને અંગત હાજરીમાંથી મુક્તિ આપવામાં આવે તેવી માંગ અનિલ અંબાણી દ્વારા કરવામાં આવી હતી. અંબાણી કોર્ટમાં અરજી દાખલ કરીનો કહ્યુ હતુ કે તેમનો ૨૩મીજુલાઈના દિવસે સમન્સ મળ્યુ છે. તેમની પાસે બે દિવસનો ગાળો રહ્યો જે જેથી તેમની સમક્ષ તેઓ



ઉપસ્થિત થવામાં સફળ રહેશે નહીં. તેમના ઘણા બિઝનેસ હેતુ પહેલાથી જ નક્કી કરવામાં આવી ચુક્યા છે જેથી ૨૬મી જુલાઈના દિવસે દિલ્હી પહોંચી શકશે નહીં. ૧૫મી ઓગસ્ટ બાદ કોઈ પણ સમયે તેઓ કોર્ટમાં ઉપસ્થિત થઈ શકશે. અંબાણીએ કહ્યુ હતુ કે તેમની અંગત હાજરી માટે તેમને રાહત આપે તેવી વિનંતી કરે છે. ૧૫મી ઓગસ્ટ બાદ કોઈ પણ સમયની તારીખના દિવસે તેઓ ઉપસ્થિત રહેશે. અગાઉ સુપ્રીમ કોર્ટે આજે ટ્રાયલ કોર્ટના આદેશ સામે રીલાયન્સ ટેલિકોમ લિમીટેડની અરજી પર તાકીદે સુનાવણી ચલાવવાનો ઈન્કાર કરી દીધો હતો. રિલાયન્સ ટેલીકોમ લિમિટેડ દ્વારા ટુજી કેસમાં પ્રોસિક્યુશન સાક્ષી તરીકે અંબાણી અને તેમના પત્નિ ટીના અંબાણી સામે સમન્સ જારી કરવાના ટ્રાયલ કોર્ટના આદેશને પડકાર ફેંકીને અરજી કરાઈ હતી. સુપ્રીમ કોર્ટે આ મામલાની વધુ સુનાવણી સોમવાર પર મોકુફ કરી હતી. જસ્ટિસ સિંઘવી અને કેએસ રાધાકૃષ્ણનની બનેલી બેંચ સમક્ષ સોમવારના દિવસે સુનાવણી હાથ ધરવામાં આવશે. સિંઘવી અને રાધાકૃષ્ણનની બેંચ ટુજી કેસ સાથે સંબંધિત તમામ અરજીઓમાં સુનવણી કરી રહી છે. ખાસ અદાલતે અનિલ અંબાણી અને ટીના અંબાણીની જુબાનીની માંગ કરતી અરજીને માન્ય રાખી હતી. સ્વાન ટેલિકોમમાં તેમના ગ્રુપની કંપનીઓ દ્વારા ૯૯૦ કરોડ રૂપિયાના મુડીરોકાણના સંબંધમાં માહિતી મેળવવા અનિલ અંબાણી અને ટીનાઅંબાણીની જુબાનીની માંગ સીબીઆઈની અરજીમાં કરાઈ હતી. આરટીએલ આ કેસમાં આરોપી છે. ટોચના રિલાયન્સ એડીએજીના કારોબારી ગૌતમ દોષી, સુરેન્દ્ર પીપારા, હરિ નાયર કેસમાં ટ્રાયલનો સામનો કરી રહ્યા છે. સીબીઆઈએ આક્ષેપ કર્યો છે કે સ્વાન ટેલિકોમનો ઉપયોગ આરટીએલ દ્વારા ટુજી લાઈસન્સ અને રેડિયો વેવ્સ મેળવવા માટે કરાયો હતો.

## રૂપિયો નબળો પડતા વિદેશ જતા પ્રવાસીની સંખ્યા ઘટી

કોલકત્તા,તા. ૨૫

ડોલરની સરખામણીમાં રૂપિયો નબળો પડતા વિદેશના પ્રવાસે જતા ભારતીય પ્રવાસીઓની સંખ્યામાં નોંધપાત્ર રીતે ઘટાડો છે. ડોલરની સામે રૂપિયામાં પડતીને રોકવામાં આવી રહેલા પ્રયાસો વચ્ચે આ મુજબનો અહેવાલ સપાટી પર આવ્યો છે. વિદેશ જતા અને ખાસ કરીને અમેરિકા, યુરોપ અને દક્ષિણ એશિયન દેશોમાં જતા ભારતીય પ્રવાસીઓની સંખ્યામાં ઘટાડો થયો છે. થોડાક સમય પહેલા સુધી સસ્તા વિમાની ટિકિટ અને આકર્ષક ટુર પેકેજના લીધે વિદેશ જતા પ્રવાસીઓની સંખ્યામાં તેજી આવી હતી. એ વખતે ટુર પેકેજ સસ્તા હતા. થાઈલેન્ડ અને ચીનમાં ત્રણ રાત અને ચાર દિવસ માટેરોકાવવાના પેકેજ ગોવા અને કેરળ જેટલા જ હતા. પરંતુ તાજેતરમાં રૂપિયામાં ડોલરની સામે ઘટાડો થતા હાલત કફોડી બની ગઈ છે. ટ્રિપ એડવાઈજરના કન્ટ્રી મેનેજર નિખિલ ગંજૂએ કહ્યું છે કે પ્રવાસીઓ હવે દેશવા જુદા જુદા વિસ્તારોમાં ફરવાની જ યોજના બનાવી રહ્યા છે. તેમણે કહ્યું હતું કે રૂપિયામાં ઘટાડો કારણે પ્રવાસીઓનો પ્રવાહ ઘટી ગયો છે. જો પ્રવાસીઓ યુરોપ જવાની યોજના બનાવી રહ્યા છે તો તેમની યોજના ટુરને ઘટાડી દેવા અને બજેટને અંકુશમાં રાખવાનો છે. કાશ્મીર, લડાખ, દાર્જિલિંગ, અંદામાન અને નિકોબાર, કેરળ, ગોવા્ને રાજસ્થાન જેવી જગ્યાઓ વિદેશી લોકોની પસંદગી છે. પરંતુ હવે અહી મોટી સંખ્યામાં ભારતીય લોકો પણ પહોંચી રહ્યા છે. વિદેશ જતા ભારતીય પ્રવાસીઓની સંખ્યામાં ૧૫-૨૦ ટકા સુધીનો નોંધપાત્ર ઘટાડો થયો છે. ટ્રાવેલ એજન્ટ ફેડરેશન ઓફ ઈન્ડિયાના ચેરમેન અનિલ પંજાબીએ કહ્યું છે કે પહેલા યુરોપ માટે ૧૦ દિવસ માટે પેકેજની કિંમત ૧.૫ લાખ હતી જે હવે બે લાખ કરતા વધારે થઈ ગઈ છે. વિદેશમાં પ્રવાસ કંપનીઓ અને ટ્રાવેલ્સ કંપનીઓ અને હોટેલો ડોલરમાં ચુકવણી કરે છે. જેથી ભારતીય માટે હોલિડે હવે વધારે ખર્ચાળ છે. પંજાબીએ કહ્યું હતું કે રૂપિયામાં ઘટાડો થયા બાદ અમે વિદેશમાં હોટેલોને ડિસ્કાઉન્ટ આપવા અને ખર્ચ ઘટાડવા માટે અપીલ કરી હતી પરંતુ આમાં સફળતા મળી નથી.

## મર્સડિઝની નવી કાર લોંચ થઈ : કિંમત ૧.૨૯ કરોડ

ગ્રેટર નોઈડા,તા. ૨૫

જર્મનનીની લક્ઝરી કાર બનાવતી કંપની મર્સડિઝ બેંજે આજે તેની પ્રોડક્ટ પ્રિમિયરમ સેડાન ઈ૬૩એએમજી કાર લોન્ચ કરી હતી. આ કારની કિંમત દિલ્હીમાં એક્સ શો રૂમ પર ૧.૨૯ કરોડ રૂપિયા રાખવામાં આવી છે. ભારતમાં તેના પ્રોડક્ટ પોર્ટફોલિયોમાં વધારવાના હેતુસર આ નવી કાર લોન્ચ કરવામાં આવી છે. આ નવી કારમાં અન્ય કાર કરતા ઘણી બધી વધારે સુવિધાઓ છે. મર્સિડિઝ બેંજ ઈન્ડિયાના મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓનું કહેવું છે કે કંપનીએ એ-ક્લાસ, બી-ક્લાસ(ડિઝલ) સહિત ઘણી બધી નવી પ્રોડક્ટની રેંજ અગાઉ રજુ કરી છે. હવે ભારતમાં સેડાન ઈ-ક્લાસમાં નવી રેંજ રજુ કરવામાં આવી છે. આ નવી કાર લોન્ચ કરવામાં આવ્યા બાદ ભારતમાં તેની માર્કેટ હિસ્સેદારીને સુધારવામાં મર્સડિઝ બેંજને મદદ મળશે. ઈ૬૩એએમજીમાં ૫.૫ લીટરના વીઆર એન્જિન છે. ૫૪૬૧સીસી ડીસપ્લેસમેન્ટની સુવિધા રહેલી છે.

## સમાચાર ઝલક

- પીપાવાવ બંદરે ડબલ સ્ટેક હાઇ ક્યુબ કન્ટેનરનો પ્રારંભ થયો.
- સહારાને પરેશાન કરવાનો સેબીનો ઇરાદો, રાજયમાં ઉધોગોને પ્રોત્સાહન આપવા સોફ્ટવેરનો શુભારંભ.
- રાજયમાં ૮૨ ટકા વિસ્તારોમાં વાવેતરણ પૂર્ણ. ૯૫ ટકા કપાસનું વાવેતર પૂર્ણ.
- બિહારમાં મધ્યાહન ભોજન યોજનાનો ૩ લાખ શિક્ષકો દ્વારા બહિષ્કાર.
- બિનશૈક્ષણિક કામ અંગે વિવાદ.
- તિરૂપતિ બાલાજી કરતાં તાજની ચમક ઓછી : એક અહેવાલ.
- પાકિસ્તાનમાં આઇ.એસ.આઇ.ની કચેરી ખાતે બોમ્બ બ્લાસ્ટ.
- રાજયમાં હજુ ઘણી પ્રાથમિક શાળાઓમાં દોઢ માસથી થયો છતાં પાઠ્યપુસ્તકો મળેલ નથી.
- માળિયા મિયાણા તાલુકાની એક શાળામાં એક રૂમમાંથી ૧ થી ૮ ધોરણના વિદ્યાર્થીઓ ૧૩ વર્ષથી અભ્યાસ કરે છે, આ જોઇ માનવ અધિકાર પંચ ચોંકી ઉઠ્યું.
- હજુ પણ ક્રિકેટરો અને બુકીઓ એકબીજાનાં સંપર્કમાં છે : ડો. અલી બાકર.
- આયોજનપંચે નવી ગરીબી રેખા જાહેર કરી, રોજનાં રૂા. ૩૪ ખર્ચ કરનાર ગરીબ નથી.
- બે સ્થળોને મતદાર યાદીમાં નામ હોય તો દંડ જેલની સજા, ચૂંટણીપંચની જાહેરાત.
- પાંચ વર્ષમાં અંધાપાનો ઇલાજ શક્ય બનશે, આંખોની રોશની પાછી મળશે, વિજ્ઞાનીઓનો મત.
- શાહરૂખખાનને પૂરતી ઊંઘ લેવા તબીબોની સલાહ, શાહરૂખ ખાન દિવસનાં ૧૮ કલાક કામ કરે છે.
- અમદાવાદમાં ૩૦ લાખ દાગીનાની લૂંટની ફરિયાદ ખોટી મળી, લૂંટનું નાટક રચ્યું હતું.
- સાઇબર ક્રાઇમથી અર્થતંત્રને ૫૦૦ અબજ ડોલરનું નુકશાન.
- એમ.બી.એ.ની ડીગ્રીની અસરકારકતા ઘટી.
- તેજ, તાકાત, તરવરાટના ત્રિવેણી કેશુબાપા, તા.૨૪મી જુલાઇએ ૮૫માં વર્ષમાં પ્રવેશ્યા.
- શામળાજીમાં હવે મશીનથી બનેલા લાડુનો પ્રસાદ મળશે, જે સરખા વજનનાં હશે.
- સ્પોર્ટસ યુનિવર્સિટીની વહીવટી વડા તરીકે શ્રી ભાગ્યેશ જહા.
- માનેસર પ્લાન્ટ બંધ કરવા મારૂતિ સુઝુકીની ચેતવણી, ગુજરાત યુનિટ શરૂ કરવાની તૈયારી.
- સવારનો નાસ્તો નહીં કરનારને હૃદયરોગનું જોખમ વધે છે : સર્વે.
- માહિતી અધિકાર કાયદામાં સુધારો કરવાનો નિર્ણય.